
॥ वंदेमातरम् ॥



તળાવીઆ રાઠોડભાઇઓએ કરવાના

સુધારા.

પ્રકાશક —

નાથુભાઈ જીવણજી

મુ૦ ખોજ તા૦ ચોર્યાસી

મુદ્રક

ભાઈલાલ ઝવેરભાઈ પટેલ

“નવયુગ” મુદ્રણાલય—લીમડાચોક—સુરત

તળાવીઆ ગઢોડભાઇઓએ કરવાના સુધારા.

મહેરબાન ગઢોડભાઇઓ તમને ભેગા મળેલા જોઇ આજે હું ઘણો ખુશી થાઉં છું કારણકે આપણા જાતિબંધુઓનુ આવીજ રીતે માસ એ માસે સમેલન થાય અને જ્ઞાતીના કંઇક સુધારા વધારા પર ધ્યાન અપાય તો ઘણીજ આનંદની વાત કહેવાય   અસ્તુ

(૧) ભાઇઓ આપણી જ્ઞાતી તત્રીવશની એક ગઢોડ શાખા છે, અને તેને આજે દુબળા શબ્દથી સંબોધી બોલાવવામા આવે છે, અને તેથી પણ નાલાયક શબ્દ જેવાકે નરૂં કહી પણ બોલાવરાવે છે ત્યારે શું આપણે એટલા બધા નિર્માલ્ય છીએ કે દુબળા એટલે મરવાની અણીપર આવેલા ગણાઇએ નરૂં શબ્દનો અર્થ તો ભીલ થાય છે આવા શબ્દો આપણા તત્રીવશની શાખાને લાગુ પાડી દીધા છે એનુ થોડી નામોશીની વાત છે ? વળી, આપણો ઘણો મહવાસ ઉજળી પ્રજાનો છે પણ આપણે સુધરતા નથી તેનુ કારણ કે ઉજળી પ્રજા પોતાના પગનળે રાખી આપણી પાસે કામ લઇ સુધરવા દેતી નથી કેમકે જો એ પ્રજા સુધરી જશે તો પછી આપણી ગુલામીનુ કામ કોણ કરશે ? એ ઉદ્દેશથી એ લોકો વશપરંપરા આપણને ગુલામ બનાવતા આવ્યા છે અને બનાવશે માટે મારા જ્ઞાતીભાઇઓ હવે ચેતો અને ગુલામીમાથી મુક્ત બનો અને તમારા કુમળા બાળકોને મુક્ત કરવાના ઉપાયો યોજો તેમાના થોડા હું અત્રે આપુ છું

(૨) આપણી કોમ કેળવણીમા ઘણીજ પાછળ છે એટલે લગભગ એકડે ૧ ટકો પણ સુધરેલો નથી મહેરબાન ગાયકવાડ સરકારે ગરીબોની દાઝ જાણી ફરજીઆત કેળવણીનો કાયદો દાખલ કર્યો પણ જ્યાંને ત્યા ઉજળીઆતનો વાસડો ફરે ત્યા ગરીબ પ્રજાનુ શુ વળે ગરીબના છોકરાને કોણ ભણવાદે કારણ ઉજળીયાત માસ્તરો હોય તેઓ પોતાના ઢોર પાવા, છાણા વીણવા, ચારો નીરવા પાણી ભરવા વાસણ ઉટકવા વગેરેના કામો સોંપી વખત વ્યતીત કરે એટલે ગરીબ બાળક શુ ભણે ? પણ ભાઇઓ બ્રીટીશ તથા ગાયકવાડ સરકારના આશ્રય હેઠળ ભણવાનો આ ઉમદા વખત છે અને એ ગરીબની દાઝ જાણી જ્યા ત્યા બોર્ડિંગો કાઢી પોતાને ખર્ચે કાળી પરજના છોકરાને કેળવણી આપવા કૃપા દરશાવી રહી છે, પણ ભાઇઓ આપણી કોમની હજુ સુધી પણ ઉંઘ ઉડતી નથી નહી તો બ્રિટિશ સરકારે [illegible] તાલુકામા ગૌડસબા ગામે કાળીપરજ બોર્ડિંગ કાઢી છે અને તેમાં [illegible]

સંસ્થા ચીકલી તાલુકાના ખેરગામે પણ કાઢવામા આવી છે વળી ગાયકવાડ સરકાર તરફથી સોનગઢ વ્યારા વગેરે સ્થળે બોડિંગ સ્થાપવામા આવી છે માટે ભાઈ તમે ચેતો અને ઢોરો ચરાવવાના જવા દઈ બાળકોને કેળવણી આપો પણ તેને અભણ રાખી બિચારા નિર્દોષ બાળકોની પોતાના સ્વાર્થ ખાતર જીંદગી ધૂળધાણી ન કરો પણ પોતે જાણો છો કે આપણને કેટલી વિપત્તિ પડે છે એજ પ્રમાણે આપણા બાલકોને પડશે માટે ભાઇઓ જરા ચેતો ને સુધારાપર આવી તમારા કુમળા બાળકોને મોતના પંઝામાથી બચાવો

(૨) વળી ભાઇઓ દરેક ગામે આપણી જ્ઞાતીના બેત્રણ અથવા તો એથી પણ વધારે મહોલ્લા (ફળીઆ) હોય છે ત્યા દરેક ઘરદીઠ દર વરસે રૂા ૫) પાચ ફાળોકરી આપણા બાળકોના લગ્ન કરો તો પછી કોઇને ત્યા ગુલામ મૂકવાની ફરજ પડશે નહિ અને જ્યારે ગુલામ બનાવીશુ નહિ ત્યારે મો માગ્યો રોજ આપી ઉજળીઆતો ધંધે લઇ જશે એટલે આપણી આર્થીક સ્થિતિમા પણ સુધારો થશે ને આપણા બાળકો સુખ શાન્તીમા આવી આનંદમા દિન ગુજારશે વળી કન્યાના દેનમા ઘટાડો કરીશુ એટલે દેવુ કરવાની જરૂર રહેશે નહિ લગ્ન સબંધમા ગોળ ખાવો છાલી કલ્લા પહેરાવવા આણાવાળવા, બોલાચાલીનો દારૂ પીવો વગેરે નકામા ખર્ચ કાઢી નાખવાની જરૂર છે આ કામોમા ફક્ત બે ત્રણ માણસથી કામ થઈ શકે એમ છે માગણે દારૂ તાડી પીવાના બંધ કર્યા છે એટલે વધુ માણસો આવશે પણ નહિ

(૩) મહેરબાન ભાઇઓ આપણી કોમ દારૂ તાડીની બદી બહુજ કરે છે અને તેથીજ દુબળાપણુ તથા ગરીબાઈ મટતા નથી જોકે આપણે દરેક કોમ કરતા બમણુ પેદા કરીએ છીએ પણ જેટલુ કમાયા હોય તેમાના ત્રણ ભાગ દારૂ તાડીના ઇજારદારના ને એકભાગ આપણ ઘર કુટુંબના પોષણનો—બસ હવે સવારે શુ થશે તેની પણ ફીકર નથી તો જીંદગીની ફીકર હોય ક્યાથી ? વળી જુઓ કે આપણે રળી રળીને મરી ચાલ્યા ને તેનો વૈભવ ઉજળીયાત ભોગવે તેનુ કારણ કે એ લોકોની બુદ્ધિની બલીહારી (આનુ કારણ કે ઉજળીઆત કેળવાયલા અને ચતુર છે તે પોતાના બાળબચ્ચાંને પણ કેળવે છે ત્યારે આપણે તેનાથી—ઉલટુ કરીએ છીએ આપણે અભણ રહ્યા તો રહ્યા પણ આપણા બાળકોને પણ અભણ રાખી ગુલામીમા દાખલ કરી જીંદગી બરબાદ કરીએ છીએ અરે શુ દયાજનક સ્થિતિ ! વળી ઉજળીઆતના ઘરમા આપણા રોળાના પેટીપેટારા ભરી રાચ—રચીલા લુગડા, ફરનીચર તથા હરવા ફરવા સાધનો—ગાડીઘોડા વગેરેના સાધનો છે, ત્યારે આપણને રહેવાને પુરૂ છાપરૂ પણ નથી સુવાને સાદડી પણ નથી

પાણી પીવાને લોટો નથી અરે શુ—કેવી દુર્બળ સ્થિતિ એનુ મોટામા મોટુ કારણ દારૂતાડીની બદી સિવાય બીજુ કઇજ નથી વળી ભાઇઓ દારૂતાડી પીવાથી બુદ્ધિનો તેમજ પૈસાનો નાશ થાય છે વળી તેનાથી અનેક રોગો ઉત્પન્ન થાય તથા પીધેલ માણસથી બીભત્સ (શબ્દો બોલાય છે) અને ઘરમા મા, બેન, વહુ, દીકરી વગેરે સાભળે છે અને પોતાની ખરાબ સ્થિતિ થાય છે માટે ભાઇઓ દારૂતાડીથી દુર રહેવા મારી નમ્ર વિનતી છે એ બાબત એક છપ્પો નીચે આપુ છુ તેનાપર ખાસ લક્ષ આપવા મહેરબાની કરશો એજ અસ્તુ

છપ્પો

પીધી કેફ નર કેફીએ, ચાલ્યો ચૌટા બીચ
ઠામ કુઠામ ગયો પડી, નહી ચેત્યો તે નિચ
નહિ ચેત્યો તે નીચ, કીચ લપટાણી કાયા
અર્થ હતો જે ગાંઠ, મૂરખ ખોઇ બેઠો માયા

આનો અર્થ—એવો થાય છે કે દારૂ તાડી પીને પીધેલો થયો પછી તે બજારમાથી ચાલ્યો પણ ચાલતા ચાલતા પગ લથડ પથડ થવાથી નઠારા ઠેકાણામા પડી ગયો તો પણ તે નિચ ચેત્યો નહી ને તેનુ આખુ શરીર નરકથી, અગર ખરાબ વસ્તુથી બગડી ગયુ અને પોતાની પાસે જે કાઇ પૈસા વગેરે હતા તે પણ મૂરખ ખોઇ બેઠો એવી એવી ખરાબી થાય છે માટે ભાઇઓ સમજો ને એને છોડો તો સુખી થશો

(૪) છોકરો પાચ વરસનુ થાય કે તેને નિશાળે મુકવો, અને મુકવુજ જોઇએ અને વળી આપણી કોમને બ્રિટિશ સરકાર મફત કેળવણી આપે છે ને સારી હાજરી બદલ તથા ભણવા બદલ સ્કોલરશીપો પણ આપવા માડી છે ત્યારે આપણને ફક્ત બાળકનો ખાધ ખરચ પૂરો પાડવાનીજ જરૂર રહી છે કારણ એટલુ પણ ન પાડીએ ત્યારે બાળક ઉપર શુ કરવા કરીએ માબાપની ફરજ છે કે, બાળકને ભણાવવુ, પરણાવવુ, ને ધધે વળગાડવુ માટે ભાઇઓ બાળકોને ભણાવવા પર વિશેશ લક્ષ આપવાની જરૂર છે પદર વરસની ઉમર થતા બાળક ભણી, પોતાનો નિર્વાહ પેદા કરી કોઇના પજામા સપડાશે નહિ

(૫) નાતગની કન્યાના માગ સાભળવા પ્રમાણે હાલ ૧૦૦ થી ૧૫૦ સુધી રૂપીઆ આપવામા આવે છે એ તદન અનીતિ થાય છે કેમકે આપણી સ્થિતિ તો મૂળમા ગરીબ ને વળી સો, દોઢસો રૂપીઆ લાવવા ક્યાથી પણ તમે તો પોતાની તથા પોતાની સ્ત્રીની તથા બાલ બચ્ચાની જીંદગી ઉજળી-આતને ત્યા લખા આપી રૂપીઆ કાઢી લાવો છો એટલે તેઓ તમારી નેસ

ખેંચી કાઢે છે તેનો કંઇ વિચાર સરખો કર્યો કે રૂપીઆના બદલામા ફક્ત પુરૂષ નોકર હોય પણ બૈરીએ શુ કેવુ કર્યુ કે તેને પણ હોમી દો છો બિચારી નિર્દોષ સ્ત્રી વાસીદુ વાળી વાળી માથે ટાલ પાડી, જીંદગી પરી કરે છે તેની તો જરા દાઝ જાણો ને આવા કામા કરતા અટકો ને નાતરાની બાબતમા વધુ ધ્યાન લેના ઓછુ કરો એવી મારી વિનતી છે

(૬) રડવા કુટવાનો રિવાજ છે તેમા સુધારો કરવાની જરૂર છે આ રિવાજ તદન ખોટો છે કુટવાથી બાળકની માતાના થાનનુ દુધ બગડે છે અને દુધ બગડવાથી બાળકને અનેક રોગો થાય છે માટે રોવા, કુટવાનો રીવાજ નહિ રાખવા કોઈ માણસ મરણ પામી ગુજરી જાય તો સગા વ્હાલા તથા પાડ પાડોશી બે ત્રણ જણ જઈ પાણી લઇ પાછા આવવુ ને તેના બદલામા દારૂ તાડી પીવા નહિ આ બાબત ખાસ ધ્યાનમા રાખી સુધારો કરવાની જરૂર છે

(૭) ભાઇઓ મારા સમજવા પ્રમાણે શિરોદ મુકામે સમેલન કરી મી૦ નાથુભાઈ જીવણ તથા હુ પોતે મળી જે રીવાજો ઘડવામા આવ્યા હતા તે આપ સઘળા ભાઇઓને વાચી પણ સમજાવવામા આવ્યા હતા ને તે રીવાજો સઘળા ભાઇઓને રૂચતા પણ આવ્યા છે એમ તમારી રૂબરૂ કહે- વામા આવ્યુ હતુ અને તે પ્રમાણે વર્તન ચાલી રહ્યુ છે તે સાભળી આનદની લેહેર રેહ સાથે હુ રીવાજ મુજબ ચુસ્ત રહી તેજ પ્રમાણે વર્તન રાખવા, તથા તેમા સુધારો વધારો કરવાનો જણાય તો પાછુ સમેલન કરી વાદવિવાદ કરવા મદદ માની રહ્યો મારા સાભળવા પ્રમાણે મનાડ ગામે એક સ્ત્રી ફરીદ તાડી પી આવી હતી તેને જ્ઞાતી તરફથી રૂ ૨।। અઢી દડ કરવામા આવ્યો છે, અને એજ પ્રમાણે દરેક ગામે બદોબસ્ત થવાની જરૂર છે. આવા સુધારા થશે તો આપણી સ્થિતિમા પણ ફેર પડેલો તમારા સમ- જવામા આવશે માટે ભાઇઓ દયાળુ સરકારના આસરા હેઠળ રહી સારી કેળવણી બાળકોને આપી સુખી કરો સઘળા ભાઇઓને સૂચના કરવામા આવે છે એજ તા ૪-૪-૧૯૨૫

લખનાર—**એક સભ્ય**

જ્ઞાતી સુધારક મડળીના સભ્ય

(૮) વળી સૂચના કરવાની કે આપણી કોમના ઘણા ખરા માણસો પારસીને ત્યા ખાય છે ત્યારે ઢેડાનુ ખાવાથી અડચણ શુ છે કારણ પારસીને ઢેડાનો વહેવાર છે અને તે મારા જોવામા ઘણા ખરા શહેરોમા આવ્યુ નૌસારી, તવડી, સુરત, તથા મુબઇ પારસીઓ ઢેડાને પોતાના ઘરમા રાખે છે ને બવરચીનુ કામ કરે છે તથા ભાણા પણ લઈ જાય છે માટે ભાઇઓ આજ પ્રમાણે બીજી હરકોઈ નાત દારૂ પીતી હોય તેનુ પણ નહી ખાવુ અને તેનાથી અળગો વહેવાર રાખવા આ લોકો ઉજળા

છે પણ પરદેશી છે કહ્યુ છે કે વાટેનુ ઔષધ અને મૂડેલો જતી એનો ભરોસો શો માટે ભાઇઓ આપણે આપણો ધર્મ સભાળી શા માટે બીજ પ્રજાનુ ખાવુ' નહીંજ ખાવુ આનો મદોબસ્ત થવાની ઘણીજ જરૂર છે

(૯) પરન્યાતનો માણસ આપણી ન્યાતમા સામેલ થવા માગતો હોય અને તે ભલે ઉચ કોમનો અગર નિચ કોમનો હોય તો પણ તેને આપણી ન્યાતમા લેવા નહિ પણ ખરા રાઠોડ ભાઇથી ઉત્પન થયો હોય તે પાછળથી વટલી ગયો હોય તો તેને ખાસ લેવાની જરૂર છે પણ કેટલીક જગ્યાએ ચાધરા વીગેરે ન્યાતમા લઇ કન્યા વહેવાર કરવામા આવે છે તે ન્યાતની વિરૂદ્ધ છે

(૧૦) ભાઇઓ દારૂ તાડીની બદી વિષે વિવેચન કરવામા આવ્યુ છે તે પ્રમાણે માસ માસાદિ વિષ્ટાનો પણ નિષેધ થવાની જરૂર છે કારણ કે આહાર તેવો ઓડકાર એ કહેવત પ્રમાણે નઠારા ભક્ષથી નઠારા આચાર વિચારો દાખલ થાય છે ધારો કે આપણી કોમ મરઘા કુકડાનો ઉપયોગ કરે છે પણ એ પક્ષી ખરાબ વસ્તુ જેવી નર્ક ચુથે છે અને તે નર્કમા જેમ કીડા પડે છે તેમ તે આપણા પેટમા સડશે માટે તેનો ઉપયોગ નજ કરવો જોઇએ માછલા વીગેરે પણ વાસી ખાવાથી લોહીનો બિગાડ થઇ અનેક રોગો ઉત્પન્ન થાય છે માટે તેનો પણ ઉપયોગ નજ કરવા મારી વિનતી છે આ ઉપર લખેલી દલીલો મારી બુદ્ધિ અનુસાર મે અનુભવેલી જણાવી છે તે વ્યાજબી છે એમ મારૂ મન કબુલ કરે છે એજ અસ્તુ

તળાવીઆ રાઠોડની ન્યાતના ધારા

સવત ૧૯૧૮ ના ફાગણ વદી ૧૦ ને વાર ગુરૂ અંગ્રેજી દીન માહે માર્ચ તા૦ ૧૯૨૫ ના દીને મોજે [illegible] તાલુકે બારડોલી ગામે, તળાવીઆ રાઠોડની ન્યાત એકઠી થઇ નીચે પ્રમાણે જે ધારાઓ વરતાવેલા છે તે પ્રમાણે વરતવું.

લગ્ન વખતે કેમ કરવુ તે બાબત

(૧) પ્રથમ વિવાહ કરતી વળા છોકરા તરફના ચાર માણસોએ જવું તેમાં ખાવામા છોકરીને ચાદલો કરીને રૂપીઓ એક આપવો અથવા નાળીએર તથા સાકરનુ પડીકુ એક લઇ જવુ તેજ પ્રમાણે કન્યા તરફના ચાર માણસોએ જવુ તેમણે પણ તેજ પ્રમાણે વરતવુ

(૨) કન્યાના બાપ બગાબર લગ્ન મુહુર્ત જોવડાવીને વરવાળાને ત્યા કંકોતરી મોકલે

(૩) જાનની સાથે તુરી આવે તેને વગાડવા બદલ રૂપીઆ) ૪ા આપવા અને લગ્ન કરી રહે ત્યા સુધી વગાડવા દેવુ પછી વગાડવા દેવુ નહી અને કોઈ માણસ વગડાવે તો રૂા ૧૦ દંડ કરવો

(૪) દાપા ચુકવવામા નાળીએર ગીનમા નવુ અથવા ફાવે તેવુ લુગડુ તથા કાપડુ એક ઘાઘરો મળી નગ ૩) નાળીએર ખોળાનુ એક તથા આગડો તથા છાબી ફલા તથા દિઝળીના ચાર આના તથા વમાવાના આઠ આના તથા દેડાના બે આના તથા ભગીઆના બે આના તથા વર બગીઆના ચાર આના તથા વર ભાણાના ૪ આના તથા ઉમેરડ વેરો બે આના તથા જે ઘેર ઉતારો આપ્યો હોય તેના આઠ આના તથા ગામનો ૧ા લેવો

(૫) જાન પાદરે આવી કે ગામમાથી પાચ તથા દશ માણસે સામે જઈને જાનને લઇ આવવી પણ જાનને પાદરે બેસવા દેવી નહી તેમજ એક ઘેર ઉતારો આપવો

(૬) પણીએન કન્યાના દાગીનાના રૂપીઆ ૮૦ા આપવા પરણ્યા પહેલા વર તરફના અથવા કન્યા તરફના જે વેવા તોડશે તેને રૂપીઆ ૧૦) દંડ માટે પ્રથમથીજ નીચે કરતી વેળા જોઈ તપાસી લેવા

૭ કાઇપણ માણસ નાતરૂ કરે તે વેળા બાઈ ઝડી હોય તો તેને રૂા ૪૫ આપવા અને બાઈ એક અથવા બે છોકરાવાળી હોય તો તેને રૂા ૨૫) આપવા એથી વધારે છોકરાવાળી હોય તો તેને રૂા ૧૫) આપવા પણ બે અથવા ચાર છોકરા હોય ને તે તેના બાપને ત્યા મુકી જાય અથવા મરણ પામ્યા હોય તો તે બાઇને રૂા ૨૦) આપવા તથા કોઈ વધારે આપીને લઈ જાય તો તેની પાસે રૂા ૧૭) દંડ લેવા તથા બાઇ તરફના વધારે લે તો તેને રૂા ૧૩) દંડ કરવા

૮ ધણીધણીઆણીને અણબનાવ થાય તો અને તેમા ધણી ધણીઆણીને નહિ ફાવતુ હોય તો અને તે રૂપીઆ આપવા તૈયાર થાય તો તેણે તેના ધણીને રૂા ૫૧) આપીને ફારગતી લેવી જો ધણીને નહિ ફાવતુ હોય તો બાઇને રૂા ૨૦) છેડે બાધે તેમા રૂા ૭) બાપના ગામના અથવા સાત રૂપીઆ વરના ગામના અથવા પાચ રૂપીઆ બાઇના ને એક રૂપીઆ ફારગતીનો મળીને રૂા ૨૦)

૯ લગ્ન વખતે સગાવહાલા આવે તેમણે રૂપીઅ એકથી ઓછો ચાદલો કરવો નહીં ને વધુ કરે તો સગાઓનો મરજી ગામમા જે વખતે છોકરો

પરણે ત્યારે ગામવાળાને રૂપીઓ એક ચાદ્દો કરવો અથવા છોકરી પરણે ત્યારે રૂા ૦ાા આના કરવા તથા ખર્ચમા રૂા ૦। ચાર આના કરવા એજ પ્રમાણે વરતવુ

૧૦ છોકરાને ૧૫ વરસની ઉમર થાય ત્યારે પરણાવવો તથા છોકરી બે વરસ નાની ઉમરની હસે તો ચાલશે પણ ૫૦ર વરસની અંદર કોઈપણ માણસ પરણવા તૈયાર થાય તો ગામમા રૂા ૧૦ દંડ આપીને પરણાવે

૧૧ જે વખતે નાતરૂ કરવા જાય ત્યારે રીતમા રૂા ૦ાા આના તથા વરભાણાના રૂા ૦। ચાર આના તથા ભુગળીઆના રૂા ૦ાાા આના તથા નાળીએર એક તથા સાથે આવનાર માણસને એ સીવાય કાંઈ આપવામા આવે નહિ કન્યાના બાપે ગામવાળાને રૂપીઓ એક આપવો નાતરામા આણા વળાવવા નહીં તેમજ લગ્ન વખતે આણામા છોકરી તરફના પાચ માણસે જવુ અથવા છોકરા તરફના સાત માણસે જવુ એથી વધારે જવુ નહીં,

૧૨ લગ્નમા અથવા ખર્ચમા ગામના તેમજ પરગામના કોઈ પણ માણસને પીરસ્યા લઈ જવા નહિ કાચ્ચ આધરુ તથા રાંધેલું તથા વધ્યું હોય તેનુ પીરસ્યુ લઈ જવુ

૧૩ કોઈ માણસ નીકારે નાસી જાય તો તેની પાસે રૂા ૨૫) લેવા ને તે બાઈને પોતાના ધણીને સોપવી પણ લઈ જનાર ધણીને સોપવી નહી. ને એ ઉપરાંત કોઈ રાખવા તૈયાર થાય તો તેની પાસે રૂા ૧૪૫) લઈ તે બાઈને સોપવી તથા તેની જુની સાડીને રૂા ૨૦ છેડે બાંધીને ફારગતી આપવી તેમા રૂા ૭૫) તેના ધણીના અથવા રૂા ૨૦) તેના માબાપના બાકીના રૂા ૫૦) ન્યાતના એમ કુલ મળી ૧૪૫) થયા

૧૪ રડવા કુટવામા પોતાના કુટુંબના માણસ પાચ દસ લઈ જવા તથા કુટુંબ નહીં હોય તો લાગતા વળગતા લઈ જવા પણ વધારે માણસને લઈ જવા નહિ કારણ કે વધારે લઈ જવાથી ખરચો વધારે થાય છે માટે વધુ લઈ જવા નહિ, તેમજ ત્યા કુટવુ પણ નહી, ફકત પાણી લેઇને આવવુ

૧૫ ૫૦ર વરસની ઉમર થાય ત્યારે પરણાવવા તેમા એમ છે કે જ્યારે છોકરૂ જન્મે ત્યારથી તે પાચ વરસ લગી રમે બાકીના પાચ વરસ ભણાવવા ને પાચ વરસમા ફાવે તે હુન્નર તથા નોકરી અથવા મજુરી કરવી ને પૈસા થોડા પણ ફાજલ પાડવા પછી લગ્ન કરવુ, સાથી કે આ બે વચન મુકવાથી આપણી પાસે પૈસા રહેસે માટે લોકોની ગુલામી ના કરવી પડે જ્યા લગી આપણા જ્ઞાતિમા કોઇ આગળ ડગલુ ભરી ન શકયુ ત્યા લગી આપણી

કોમ ઘણી નબળી અવસ્થામા આવી ગઇ માટે ભાઇઓ જરા વીચાર કરી નાના બાળકોને કેળવણી આપવી જોઇએ

૧૬ આ સુધારો કર્યાને એક મહિનો થયો એટલે આ ધારાઓ પ્રમાણે વરતવા લાગ્યા તેમા કેટલાક કન્યા ન મોકલતા તે પણ આ કાયદાથી અટકયા છે ને એ પ્રમાણે વરતવા લાગ્યા છે ત્યાર પછી આ ચેતવણી બાહાર રજુ કરવામા આવી છે

આજના ઠરાવ પ્રમાણે જે ફારગતી થાય અથવા લગ્ન થાય અથવા મરણુ પામે તો પણ આજના ધારા પ્રમાણે વરતવુ એથી ઉલટા ચાલશો તો નીચેના ઠરાવ પ્રમાણે દંડ આપવો પડશે

હવે જ્ઞાતિભાઇઓને કહેવાનુ કે ઉપર પ્રમાણેના કાયદા દરેક માણસે બરાબર રીતે પાળવા કોઇ પણ ગામનો કોઇ પણ માણસ આ કાયદો તોડશે તો તેની પાસે રા ૧૭૧ દંડ લેવામા આવશે સર્વે ભાઇઓને કહેવાનુ કે ઉપર પ્રમાણેના કાયદા પાળશો તો સુખી થશો માટે ધ્યાનમા રાખીને આ કાયદા બરાબર પાળવા એજ વિનંતિ

'જ્ઞાતિભાઇઓએ નીચે પ્રમાણે આખા ચોરાની સહીઓ આપી છે.

નાથુભાઇ જીવણજી	ખોજ	ભાણા મેઘા	,,
છાણા મોરાર	,,	ડાયા કાળા	મોરી
સંનીઓ પુન્યો	પાઘડી	મકન ભાણા	,,
રણછોડ સોમા	,	કુબેર કાળા	સમથાણ
ભાણીઓ ગલ્યો	નાની ફગેધ	છના હરગોધ	,
ભાણીઓ છીત્યો	,,	રવજી વેસ્તા	કટાળી
પરભુ મોહનીઓ	કવા	ડાહ્યા કાળા	આમણી
હળીઓ છન્યો	,,	મગા મોરાર	,,
મગા જેરામ	ભરમપોર	ક્રોધા જીવણજી	ઓરગામ
મોરાર ઉકા	,,	સુખયો મોઘીયો	,,
ભીખા પરસોત્તમ	ફગેધ મોટી	ઉકા નારણજી	, શીંગોદ
મોરાર નરસી	,,	પીરીઓ નારણીયો	,,
રામજી નાના	વાઘેચ્યા	મગા નાથ	જુનથાણી
ભુલા સીબા	,	ભાણા માનીઆ	સુરાલી
કરા ઉકા	ભામૈયા	ડાહ્યા નાથા	,,

ગોપાળ છાણા	નસુરા
માઠા હાટીઆ	,,
જુલા નાના	ગજપગ
કીકા હાટીઆ	,,
લાલા ગોપાળ	મમાડ
જેઠા મોગર	,
ગોવન ઝીણા	રજવાડ
મ ઠા કાળા	,,
નાથુભાઈ ઉકા	જામણુવા
હીમતા ગથા	નગસાડા
વનીઓ માનીઓ	,,
ભીખા ભીમામીયા	રતનીઆ
હરીભાઈ કુવરજી	,,
ઉકડજી અરખા	મોટીચેર
નાથુ ડોટવાળીઓ	,,
ગોપાળ હરી	જાખલા
જેઠા કાગ	વગ્જાખણ
મગા ભાણા	હરિપગ

ડાયા હાટીઆ	,,
હીરા પરસોતમ	વાસુકુઈ
ઝના જાનરીઆ	ધાટા
ઝીતા નાગર કડોદના	ફળીઆ પાચ આમલીઉ
ઝના કુવરજી	,,
કુબેર વીરમ	મલેકફળીઉ
માધવ ઝીતા	,,
ડાયલા નથવા	હીજડાફળીઉ
ભાણીઆ લાલીઆ	,,
જેઠા કોહયા	બઠ્ઠીફળીઉ
રણછોડ કાળા	,,
રતનજી ભીખા	નસુગફળીઉ
મછા બાવજી	,,
કોહયા ગોકળ	દેશાઈફળીયુ
ડાહયા કાળા	,,
ગોવન કમળા	અનુમડાફળીઉ
મઠા કીકા	,,

સમાપ્ત.